

"દાદા! ડૉક્ટરે બહુ બોલવાની ના કહી છે."કહીને મયંકે દાદાને પાણી પીવડાવ્યું. થોડી વાર પછી જયંતભાઈ બોલ્યા

"તારો ડૉક્ટર બધું જ બોલશે પણ રજા આપવાનું નહીં બોલે."

મયંક કંઈ ન બોલ્યો. જયંતભાઈ બારીની બહાર એકધારું જોઈ રહ્યા. પલંગ પર સૂતાં સૂતાં એમને ફક્ત ઉપરનો ભાગ જ દેખાતો હતો. નીચે શહેરમાં, આ સંસારમાં શું થઈ રહ્યું છે એની એને જરા પણ પરવા ન હતી. એ ડૂબતા સૂરજને જોઈ રહ્યા હતા. આકાશમાંથી ધીમે ધીમે અંધારાં ઊતરી રહ્યાં હતાં. એક સફેદ પંખી પાંખો ફફડાવીને જયંતભાઈની નજર સામેથી પસાર થયું. એમની આંખોમાં દૃશ્યો બદલાયાં. પચ્ચીસ વર્ષથી શાંતિ આપતો એ બે માળનો બંગલો. એમાં નીચે પોતાનો રૂમ. બહાર બગીચો, એમાં મીઠાં ફળ આપનાર વૃક્ષો, પૂજા રૂમ, ડાઈનીંગ રૂમ, બધું જ પોતાનું. આ બધાને જીવંત રાખતી દીકરી જેવી પુત્રવધૂ શારદા. સવારથી રાત સુધી એકધારું સલામત જીવન. ત્યાં સમય પણ જાણે ધીમો પડી ગયો હતો. એ ઘરની દીવાલો જાણે એમની ત્વચા બની ગઈ હતી. ઉંમર વધતાં એ ત્વચા દીવાલો સુધી સંકોચાઈ જરૂર હતી. પણ એક ખાતરી હતી કે હવે વધુ સંકોચન નહીં થાય. આ વિશ્વ હવે આનાથી વધુ

"હું પપ્પાને ઘરે લઈ જઉં?..તેં અત્યારના રિપોર્ટ જોયા?..એમ.. ઓહ....હવે જે થાય તે. અરે ના ખરેખર?...તો શું કરું?....હા અત્યારે સૂતા છે જાગે ત્યારે સમજાવીશ."

નાનું નહીં થાય. એ પોતીકું વિશ્વ એમની આંખો સામે સ્થિર હતું, જેમ એ રૂમમાં હાર પહેરાવેલી એક તસવીર સ્થિર હતી. પણ આકાશમાં ધીમેધીમે ઉજાસ ઓછો થયો. એ અંધકારમાં વાસ્તવિક દૃશ્ય એમની નજર સામે આવીને ઊભું રહી ગયું. એમણે ચશ્માં કાઢીને ઓશિકા નીચે મૂકી દીધા. સમય થોડી વાર માટે મૌન બનીને વહી ગયો.

કોઈએ દરવાજો ખટખટાવ્યો. મયંક ઊભો થાય એ પહેલાં એક ડૉક્ટર અંદર આવ્યા. એની સાથે બીજા એક ડૉક્ટર અને એક નર્સ પણ હતાં.

"બોલો દાદા! કેવું છે?"કહીને એ યુવાન ડૉક્ટરે ફાઈલ હાથમાં લી ધી. 'જયંતભાઈ....સેવન્ટી એઇ ટ યર....આઈ.ડી.એલ.... લંગ્સ ફંક્શનીંગ ટ્વેન્ટીફાઈવ પર્સન્ટ' ડૉક્ટરે એવો ગણગણાટ કર્યો. બધો અભ્યાસ કરીને એમણે ફાઈલમાં કંઈક લખ્યું. મયંક આ બધું જોઈ રહ્યો હતો.

"ડૉક્ટર! હવે ફેફસાં કેટલા ટકા બાકી રહ્યાં?" જયંતભાઈએ પૂછ્યું.

"ચિંતા ન કરો દાદા! ફેફસાં હજુ ઘણાં સલામત છે."ડૉક્ટર ઊંચા અવાજે બોલીને હસ્યા.

"તો આજે રજા આપી દો. મને ઘર યાદ આવ્યું છે. અહીં હોસ્પિટલમાં આજે ચોથો દિવસ થઈ ગયો."

પેશન્ટે કહેલી વાતની ખાતરી કરવા ડૉક્ટરે ફરી ફાઈલ ખોલી તો બાજુમાં ઊભેલી નર્સે ધીમેથી કહ્યું "ગઈ કાલે રાત્રે જ એડમિટ થયા છે." ડૉક્ટરે જયંતભાઈની નજીક જઈને કહ્યું "દાદા! ઑક્સિજન લેવલ થોડું ઓછું આવે છે. આ ઈન્જેક્શન ને દવાઓ જશે એટલે આવી જ શે. પછી તમને ઘરે મોકલી આપીશું." જયંતભાઈએ હકારમાં માથું ધુણાવ્યું અને આંખો બંધ કરી દીધી. ડૉક્ટર જતા રહ્યા. થોડી જ વારમાં એક નર્સ હાથમાં ટ્રે લઈને આવી. એણે ભરેલી બોટલ હુકમાં લટકાવી, એમાં બે ઈન્જેક્શન નાખ્યાં અને પાઈપ જયંત ભાઈના હાથમાં ભરાવી. મયંક બાજુમાં ઊભો હતો. નર્સ જતી ર હી એટલે જયંતભાઈ બોલ્યા

"બહુ ધીમો છે બાટલો."

મયંકે કંઈ ન બોલતાં ફક્ત બાટલા તરફ જોયું. એ બારી તરફ વળ્યો અને બોલ્યો

"દાદા! થોડી વાર બારી ખોલું? થોડી હવા આવશે."

જયંતભાઈએ હા કહ્યું એ પહેલાં મયંકે બારી ખોલી નાખી હતી. બહારની હવા અંદર આવી. સંધ્યાકાળની હવા ન તો વધુ ગરમ હતી અને ન તો વધુ ઠંડી. દૂર નદી કિનારે કોઈ મંદિરમાં આરતી શરૂ થઈ. એનો અવાજ આખા રૂમમાં ફરી વળ્યો. મયંકને એ મંદિર તરફ જોતાં કંઈક યાદ આવ્યું હોય એમ એ દાદા તરફ વળ્યો.

"જુઓ દાદા! હું નાનો હતો ત્યારે પેલા મંદિરમાં તમે મને રોજ સાંજે લઈ જતા."

જયંતભાઈએ બારી તરફ જોયું. પ ણ એ ને તો કાળું આકાશ જ દેખાતું હતું. એ મૌન રહ્યા એટલે મયંકે પ લંગની બાજુમાં રહેલી એક સ્વીચ પર હાથ રાખીને કહ્યું

"આ બેડ ઊંચો કરું? તો તમને દેખાશે કદાચ."

જયંત ભા ઈએ જમણો હાથ ઊંચો કર્યો. એમનો હાથ ધ્રૂજતો હતો, નકારમાં ધ્રૂજતો હતો. એ ધીમેથી બબડ્યા "હવે કંઈ ગમતું નથી. ઘરે જવું છે."

મયંક નિરાશ ચહેરે સોફા તરફ આગળ વધ્યો. એ સોફા પર બેઠો એટલે જયંતભાઈ બોલ્યા

"આ મશીનમાં જો ને. ઑક્સિજન લેવલ વધ્યું કે?"

મયંકે સ્ક્રીન તરફ જોયું. એણે વિચારવા માટે ક્ષણ લીધી. પછી બોલ્યો

"આ બાટલો પૂરો થશે એટલે વધી જશે. તમે ચિંતા ન કરો."

મ યં ક ના મોબાઈલમાં રિંગ વા ગી. જયંતભાઈ બાટલા તરફ જોઈ રહ્યા. એમને અંદાજ નહોતો આવતો કે હવે બાટલો કેટલો બાકી છે? આખરે થાકીને એમણે આંખો બંધ કરી. થોડી વારે એમની બંને આંખોના ખૂણામાંથી પાણીની ધાર નીકળીને ઓશિકામાં શોષાઈ ગઈ. કોઈ અજાણ સમય એમની આંખો તળેના અંધારામાં વહી રહ્યો હતો. દૂરથી આવતા આરતીના અવાજો હજુ એ મ ના કાનમાં અથડાતા હતા અ ને પાછા વળીને હવામાં ઓગળી જતા હતા.

"દાદા...ઓ...દાદા."

મયં ક ના અવાજથી એમણે આંખો ખોલી.

"મ મ્મી નો ફોન હતો. ભુજથી નિતાફઈ આવ્યાં છે. હમણાં મમ્મી સાથે અહીં આવશે."

મયંકભાઈના ચહેરા પર જાણે વર્ષો પહેલાનું, ભૂલાઈ ગયેલું કોઈ સ્મિત ઉભરી આવ્યું, જે ક્ષણભર રહ્યું અને ગાયબ થયું.

"એકલી આવી હશે?"

"હા. ફુઆએ એમની સાથે ડ્રાઈવર મોકલ્યો છે."

જયંતભાઈએ ફરી બાટલા ત રફ જોયું. ધીમે ધીમે પોતાની અંદર કંઈક ઊતરી રહ્યું હોય એવું એમને લાગ્યું. એમણે ચારે તરફ નજર ફેરવી. સામેની ટી.વી.વાળી દીવાલ, એક તરફની એ.સી. તથા પેઈન્ટિંગવાળી દીવાલ, બારીવાળી દીવાલ અને માથા પર રહેલી 'બીપ-બીપ' અવાજ કરતી દીવાલ પોતાની જગ્યાએથી ખસતી હોય એમ લાગ્યું. એમને થયું કે હમણાં બધી દીવાલો ભેગી થઈ જશે. ત્યાં જ દરવાજો ખૂલી ગયો. સંદીપ અંદર આવ્યો. સફેદ દાઢીવાળા એના ચહેરા પર અને કપાળ પર આડીઅવળી રેખાઓ ઉભરી હતી.

"સારું થયું પપ્પા તમે આવી ગયા."મયંકે મોબાઈલ ખિસ્સામાં મૂકતાં કહ્યું. "ડૉક્ટર આવ્યા'તા?" સંદીપે જયંતભાઈના માથા પર ઊભા રહીને પૂછ્યું.

"હા. પણ કોઈ નવા ડૉક્ટર હતા. મેઈન ડૉક્ટર હજુ નથી આવ્યા."

જ યંતભાઈની બંધ આંખો જો ઈને સંદીપ ધીમેથી બોલ્યો "ઊંઘ આવી ગઈ લાગે છે."

"પપ્પા! દાદાને ઘરે જવું છે. તમે ડૉક્ટર સાથે વાત કરો ને."

સંદીપ ધીમા પગલે સોફા પર ગોઠવાયો. પછી ધીમેથી બોલ્યો

"આ વખતે દાદાની તબિયત વધુ ખરાબ છે. હવે."

વાક્ય અધૂરું રાખીને સંદીપ નીચું જોઈ ગયો.

"ડૉક્ટર તો તમારા મિત્ર છે. એને કહો ને આવો સેટ અપ ઘરે ગોઠવી આપે."

સંદીપ કંઈક વિચારમાં ખોવાયો. થોડી વાર પછી એણે મોબાઈલ હાથમાં લીધો અને વાત કરી.

"હું પપ્પાને ઘરે લઈ જઉં?.. તેં અત્યારના રિપોર્ટ જોયા?.. એમ..ઓહ....હવે જે થાય તે. અરે ના ખરેખર?...તો શું કરું?.... હા અત્યારે સૂતા છે જાગે ત્યારે સમજાવીશ."

એણે મોબાઈલ કાન પાસેથી હટાવીને બંને હાથે પકડી રાખ્યો. ઘણી વાર સુધી પકડી રાખ્યો.

"શું કહ્યું ડૉક્ટર અંકલે?"

"એ કહે છે કે હવે ગમે ત્યારે કોમામાં જતા રહેશે બાકી તારી ઈચ્છા."

બંને ચૂપ રહ્યા. રૂમમાં હવે ફક્ત 'બીપ બીપ' અવાજ જ ચારે તરફ ઘુમરાયા કરતો હતો. સંદીપે મયંક તરફ જોયું. એ બોલ્યો

"જા બેટા! તું ઘરે જા. મમ્મીને અને ફઈને લઈ આવ. અને હા, ટિફિન સાથે મારો નાઈટ ડ્રેસ પણ લાવજો." મયંક ફટાફટ જતો રહ્યો. દરવાજાનો ખટાક અવાજ આવ્યો. જ યંતભાઈએ આંખો ખોલી. સંદીપને પોતાની પાસે જોઈ એમના ચહેરા પર બધી રેખાઓ ગાયબ થઈ. એ સહેજ હસ્યા.

"આવી ગયો?"

"હા પપ્પા!"

"શું કહે છે તારો ડૉક્ટર?"

"કંઈ નહીં. હજુ બે દિવસ રહેવું પડશે એમ કહે છે."

"ના રે ના. આજે ચોથો દિવસ થયો. હવે એક કલાકેય મારે અહીં નથી રહેવું. ઘરે લઈ જા. વ્હીલચેર મંગાવ, જા."

હા કહીને સંદીપ ઊભો થયો અ ને રૂમની બહાર જતો રહ્યો. જયંતભાઈએ ચશ્માં પહેરી લીધા. એ ને હવે બધી દીવાલો ચોખ્ખી દે ખાતી હતી જે એકદમ સ્થિર હ તી . બારીની બહાર ખુલ્લું આકા શ હતું. એમાં ચોથનો ચંદ્ર જાણે હસતો હોય એમ ઝગમગતો હતો. નીચે રસ્તાઓ પર વાહનનો ધમધમાટ આ બધાથી અજાણ હતો. જયંતભાઈએ સાઈડ ટેબલ પર અલગ અલગ પડેલી બધી દવા ધ્રૂજતા હાથે ટ્રેમાં મૂકી. ઘરેથી આવેલા બધા સામાન પર નજર ફેરવી અને દરવાજો ખૂલવાની રાહ જોતા રહ્યા.

"હા પપ્પા!", "શું કહે છે તારો ડૉક્ટર?", "કંઈ નહીં. હજુ બે દિવસ રહેવું પડશે એમ કહે છે.", "ના રે ના. આજે ચોથો દિવસ થયો. હવે એક કલાકેય મારે અહીં નથી રહેવું. ઘરે લઈ જા. વ્હીલચેર મંગાવ, જા."













